|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

● સં -૨૦૭૮ ● મહા સુદ -૮ ● તા ૮-૦૨-૨૨ ● મંગળવાર SDP NO:657 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

સુરતમાં કાર્યાલય શુભારંભ કાર્યક્રમ- વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

દક્ષિણ ગુજરાતના યુવા કાર્યકરો અને સમાજના અગ્રણીઓ ની સુરત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન કાર્યાલય શુભારંભ માં ઉપસ્થિતિ.

માં ઉમિયાના અમૃતસ્ય સંતાનો જેઓ નું વૈશ્વિક ફલક પર નું અદભુત સંઘઠન વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન એ સામાજિક ક્ષેત્રે કાર્ય કરતી વૈશ્વિક સંસ્થા છે. અમદાવાદમાં ૧૦૦ વીઘા જમીનમાં એક હજાર કરોડના સામાજિક સહયોગથી શિક્ષણ,રોજગાર,આરોગ્ય,યુવા મહિલા - સશક્તિકરણની અનેકવિધ પ્રવૃત્તિઓના કેન્દ્રસમા **"વિશ્વ ઉમિયાધામ"** નું નિર્માણ થઈ રહેલ છે.

જગતજનની માં ઉમિયાના વિશ્વના સૌથી ઊંચામાં ઊંચા ૫૦૪ ફૂટ મંદિર નિર્માણનું કાર્ય હાલમાં કાર્યરત છે, ત્યારે આ ભગીરથ કાર્યમાં દક્ષિણ ગુજરાતને સહયોગી બનાવવા અને સમાજના જરૂરિયાતમંદ પરિવારોને તમામ ક્ષેત્રે મદદરૂપ થવા સુરત શહેરમાં સંસ્થાના કાર્યાલયનો શુભારંભ તેમજ મેડિકલવાન લોકાર્પણ સમારોહ નો કાર્યક્રમ તારીખ - ૦૬-૦૨-૨૦૨૨ ને રવિવાર નાં રોજ સુરત મુકામે યોજાયેલ જેમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સુરત જીલ્લા કમિટી નાં માર્ગદર્શક દામોદરભાઈ ભાવાણી, દક્ષિણ ગુજરાત ઝોન સમાજ ના પ્રમુખ તેમજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનમાં ૨૫ લાખ રૂપિયા નું દાન આપનાર સિલ્વર દાતા રમેશભાઈ પારસિયા અને કારોબારી સભ્યો,ઢ્ઢ્ઇ નાં હોદ્દેદારો,છમ્દ્ધદ્ધ યુવાસંઘ નાઁ વસંતભાઈ ધોળું,ગંગાસાગર કાઉન્સિલ પ્રમુખ પ્રતાપ છાભૈયા અને દક્ષિણ ગુજરાત ઝોન સમાજો ની ઘટક સમાજો માંથી બહોળી સંખ્યામાં માં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા....

૨૫ લાખનું દાન આપી સિલવર ટ્રસ્ટી બન્યા દક્ષિણ ગુજરાત ઝોન સમાજના પ્રમુખ શ્રી રમેશભાઈ પારસિયા.

રમેશભાઈ પારસિયા, સુરત મગોબ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ના ૨૫ લાખ ના સિલ્વર ટ્રસ્ટી બન્યા તે એમની આ દાનવીર સ્વભાવ સહુને પ્રેરણાદાયી બની રહેશે..

કચ્છ ગામ દયાપર ના જેમની કારકિર્દી સંઘર્ષમય મહેનત કરી ને પરિવારનું પૂર્ણ નિષ્ઠા પૂર્વક જતન અને મોટા પરિવાર માં સહઠન ના ગુણ ને મહત્વ આપનાર હાલે સુરત રહી વ્યાપાર સાથે સમાજ સેવાના ભેખધારી સ્પષ્ટ વકતા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ના ૨૫ લાખ ના સિલ્વર ટ્રસ્ટી બન્યા તે એમની આ દાનવીર સ્વભાવ સહુને પ્રેરણાદાયી બની રહેશે..

રમેશભાઈ પારસિયા દક્ષિણ ગુજરાત ઝોન સમાજ ના પ્રમુખ,

શ્રી ઉમા એજ્યુકેસન અને ચેરીટેબલ ટ્રસ્ટ ના મહામંત્રી અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન નો કો.ચેરમેન તરીકે સેવા ની જવબદારી અદા કરે છે.

શ્રી સમાજ પ્રચાર અને પ્રસાર સમિતિ અભિનદીત કરે છે.દક્ષિણ ગુજરાત કચ્છ કડવા પાટીદાર સમાજ ઝોન, યુવાસંઘ રિજીયન શુભેચ્છા પાઠવે છે.

સમાજ વિકાસ ના કોઈપણ પ્રોજેકટ માં દિલેરી દાખવી કાર્ય કરનાર અને પદ પ્રતિષ્ઠા થી વિમુખ રહી ને કાર્યનિષ્ઠ રમેશભાઈ નું આ વૈશ્વિક વિકાસ નું દાન અર્પણ કરી ને પોતાની અને પરિવારને ગૌરવની લાગણી જરૂર થશે પણ સમગ્ર દક્ષિણ ગુજરાત ના જ્ઞાતિ જનો પણ ગૌરવ અનુભવશે..

સનાતન ધર્મ કી એક અનોખી પરંપરા

सनातन धर्म की एक अनोखी परम्परा हैं कि किसी भी मंदिर में दर्शन के बाद बाहर आकर मंदिर की पैड़ी या ऑटले पर थोड़ी देर बैठना। क्या आप जानते हैं इस परंपरा का क्या कारण है ?

आजकल तो लोग मंदिर की पैड़ी पर बैठकर अपने घर/व्यापार/राजनीति इत्यादि की चर्चा करते हैं, परंतु यह प्राचीन परंपरा एक विशेष उद्देश्य के लिए बनाई गई है। वास्तव में मंदिर की पैड़ी पर बैठ कर एक श्लोक बोलना चाहिए। यह श्लोक आजकल के लोग भूल गए हैं। इस लोक को मनन करें और आने वाली पीढ़ी को भी बताएं। श्लोक इस प्रकार है ः

अनायासेन मरणम् ,बिना देन्येन जीवनम्।
देहान्त तव सानिध्यम् ,देहि मे परमेश्वरम्॥

इस श्लोक का अर्थ है ः

अनायासेन मरणम् अर्थात् बिना तकलीफ के हमारी मृत्यु हो और कभी भी बीमार होकर बिस्तर पर न पड़ें, कष्ट उठाकर मृत्यु को प्राप्त ना हों चलते फिरते ही हमारे प्राण निकल जाएं।

बिना देन्येन जीवनम् अर्थात् परवशता का जीवन ना हो। कभी किसी के सहारे ना रहाना पड़े। जैसे कि लकवा हो जाने पर व्यक्ति दूसरे पर आश्रित हो जाता है वैसे परवश या बेबस ना हों। ठाकुर जी की कृपा से बिना भीख के ही जीवन बसर हो सकें।

देहांते तव सानिध्यम अर्थात् जब भी मृत्यु हो तब भगवान के सम्मुख हो। जैसे भीष्म पितामह की मृत्यु के समय स्वयं ठाकुर (कृष्ण जी) उनके सम्मुख जाकर खड़े हो गए। उनके दर्शन करते हुए प्राण निकले। देहि में परमेशवरम् हे परमेश्वर ऐसा वरदान हमें देना।

भगवान से प्रार्थना करते हुऐ उपरोक्त श्लोक का पाठ करें। गाड़ी, लाडी, लड़का, लड़की, पति, पत्नी, घर, धन इत्यादि (अर्थात् संसार) नहीं मांगना है, यह तो भगवान आप की पात्रता के हिसाब से खुद आपको देते हैं। इसीलिए दर्शन करने के बाद बैठकर यह प्रार्थना अवश्य करनी चाहिए। यह प्रार्थना है, याचना नहीं है। याचना सांसारिक पदार्थों के लिए होती है। जैसे कि घर, व्यापार,नौकरी, पुत्र, पुत्री, सांसारिक सुख, धन या अन्य बातों के लिए जो मांग की जाती है वह याचना है वह भीख है।

'प्रार्थना' शब्द के 'प्र' का अर्थ होता है 'विशेष' अर्थात् विशिष्ट, श्रेष्ठ और 'अर्थना' अर्थात् निवेदन। प्रार्थना का अर्थ हुआ विशेष निवेदन।

मंदिर में भगवान का दर्शन सदैव खुली आंखों से करना चाहिए, निहारना चाहिए। कुछ लोग वहां आंखें बंद करके खड़े रहते हैं। आंखें बंद क्यों करना, हम तो दर्शन करने आए हैं। भगवान के स्वरूप का, श्री चरणों का, मुखारविंद का, श्रृंगार का, संपूर्ण आनंद लें, आंखों में भर ले निज-स्वरूप को।

दर्शन के बाद जब बाहर आकर बैठें, तब नेत्र बंद करके जो दर्शन किया हैं उस स्वरूप का ध्यान करें। मंदिर से बाहर आने के बाद, पैड़ी पर बैठ कर स्वयं की आत्मा का ध्यान करें तब नेत्र बंद करें और अगर निज आत्मस्वरूप ध्यान में भगवान नहीं आए तो दोबारा मंदिर में जाएं और पुनः दर्शन करें।

સારા કર્મો

આપણે હંમેશા એવા કામ કરવા જોઈએ કે જેથી અરીશામાં આપણે આપણી નજર સાથે નજર મેળવી શકીએ.....

કચ્છની સરહદથી માત્ર 40 કિમી દૂર પાકિસ્તાનમાં ચીની કંપનીને કોલસાનો મોટો ભંડાર મળ્યો !

સામેપાર સિંધમાં થાર કોલ બ્લોક નામની ખાણ અને પાવર પ્લાન્ટ પાકિસ્તાને ચીની કંપનીને સોંપી દીધા છે

સિંધના મુખ્યપ્રધાન સહિતના નેતાઓએ કહ્યું આ ખોજથી પાકિસ્તાનનું નસીબ બદલાશે

કચ્છની જેમ સામેપાર પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં કોલસાની મોટી ખાણો આવેલી છે. તેવામાં કચ્છથી માત્ર 40 કિમી દૂર આવેલા થરપારકરમાં ચીની કંપની હસ્તકની ખાણમાં કોલસાનો મોટો ભંડાર મળી આવ્યો છે. જેને પાકિસ્તાનની મોટી ખોજ લેખાવાઈ રહી છે.

કચ્છના સરહદી વિસ્તાર લખપતમાં કોલસાની ખાણો આવેલી છે. તેની જેમ સામેપાર કચ્છને અડીને આવેલા પાકિસ્તાનના સિંધ વિસ્તારના થરપારકરમાં પણ કોલસાની ખાણો આવેલી છે. ચોંકાવનારી વાત એ છે કે આ ખાણો પાકિસ્તાને ચીની કંપનીઓને સોંપી દીધી છે. જેમાં થરપારકરમાં આવેલી ખાણમાં 3 અબજ ટનના અંદાજિત જથ્થા સાથે કોલસાનો વિશાળ ભંડાર મળી આવ્યો છે. શાંઘાઈ ઈલેક્ટ્રિક (ચીની કંપની)એ થરપારકર જિલ્લામાં તેના 7.8-મિલિયન ટન વાર્ષિક ઓપન-પીટ કોલ માઈનિંગ પ્રોજેક્ટમાં આ શોધની જાણ કરી હતી. પાકિસ્તાની સમાચાર માધ્યમોના અહેવાલો પ્રમાણે 145-મીટર ઊંડાઈએ અંદાજિત 3 અબજ ટન કોલસાનો ભંડાર છે.

સિનો-સિંધ રિસોર્સિસ લિ. (SSRL) કોલ માઈન પ્રોજેક્ટ થાર કોલ બ્લોક-1 ઈન્ટીગ્રેટેડ કોલ માઈનિંગ એન્ડ પાવર પ્રોજેક્ટનો એક ભાગ છે.

વિવિધ પ્રોજેક્ટના લીધે ચીની કંપનીઓની ભારતીય સરહદ સુધી હાજરી

ચીન એક બાજુ શ્રીલંકા, માલદીવ્સ અને પાકિસ્તાનના ગ્વાદર પોર્ટ પર રોકાણ કરીને ભારતને આર્થિક અને સામરીક રીતે ઘેરવાની કોશિશ કરે છે. કચ્છની સરહદ પાસે પણ ચીની કંપનીઓ કોલસા, ખનીજ અને સૌર-પવન ઉર્જા સહિતના પ્રોજેક્ટમાં પણ સામેલ છે. સરહદી વિસ્તારોમાં પાકિસ્તાનને ચીન દ્વારા માળખાગત સુવિધા ઊભી કરવામાં પણ મદદ કરાઈ રહી છે. જે ભારત માટે એક પડકાર છે. જોકે ભારતીય એજન્સીઓ આ તમામ ગતિવિધીઓ પર નજર રાખી રહી છે.

અબજોનું રોકાણ છતાં પાકિસ્તાનના સરહદી ગામોમાં ગરીબી

નજીકના વર્ષોમાં પાકિસ્તાનના બલુચિસ્તાનથી લઈને સિંધમાં કચ્છ અને રાજસ્થાન બોર્ડર સુધીના વિસ્તારોમાં અબજોનું રોકાણ આવ્યું છે. ચાઈના-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોરના લીધે માળખાગત સુવિધાઓ તથા ઔદ્યોગિક એકમો આવી રહ્યા છે. પરંતુ સિંધ અને બલુચિસ્તાનના સ્થાનિક લોકોને વધારે ફાયદો થયો નથી. જેના પગલે ત્યાં હવે ચીની કંપનીઓ સામે વિરોધ પણ ઊભો થઈ રહ્યો છે. ખાસ કરીને કચ્છ પાસે આવેલા સિંધના ગામોમાં વ્યાપક ગરીબી છે. અહીં હિંદુ લોકો વધારે વસતી છે. જેના લીધે ઓરમાનભર્યું વર્તન કરાતુ રહ્યું છે.

નરોડા સમાજવાડી આધુનિકરણ તરફ

તારીખ ૦૪-૦૨-૨૦૨૨ના રોજ નરોડા સમાજવાડી ખાતે સમાજની કારોબારી તરફથી સમાજના અગ્રણીઓ સાથે સમાજ વિકાસ અંગે ચર્ચા વિચારણા કરવા માટે એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમાજ વિકાસ સમિતિના સભ્યો સમક્ષ નરોડા સમાજના પ્રમુખશ્રી જયંતિભાઈ રામાણી દ્વારા વિચારો રજૂ કર્યા હતા. સમયની માંગ મુજબ ધંધો હોય કે કોઈ સામાજિક કાર્ય હોય તેમાં જો એકાદ વર્ષ મોડું થાય તો ક્યારેક દસ વીસ વર્ષ મોડું થઈ જતું હોય છે. હાલે આધુનિક સગવડો એ સમયની માંગ છે. નવા છઝ મ્છદ્રઊંઈ હોલ, છઝ ડાઈનીગ હોલ, લેટેસ્ટ સગવડો સાથેનું કીચન, રોકવા માટે નવા છઝ રૂમ અને લીફ્ટ સાથે બીજા અનેક કાર્યો કરવા માટે સમસ્ત સભ્યોને જરૂરિયાત જણાતા આવેલ સૌ અગ્રણીઓએ જલ્દીથી આ બધા કામો કરવા અંગે ઈચ્છા દર્શાવી હતી.

જેના **પ્રથમ તબ્બકામાં અંદાજીત બજેટ ૩૦ લાખ રૂપિયાનું વિચારવામાં આવ્યુ છે.** હજુ કેટલાક અગ્રણીઓ લગ્નમાં હોવાથી આવી શકેલ નહિ. તે મુજબ સમાજના વિકાસ માટે હાજર રહેલ ભાઈઓએ ચાલુ મિટિંગમાં જ પોતાની યથાશક્તિ ફાળો નોંધાવ્યો જે ૫૦ લાખથી ઉપર ભંડોળ નોંધાશે એ નક્કી છે. આમ જોતાં બંને તબ્બકા માટેની રકમ નોંધાઈ ચૂકી છે. આ જ નરોડા સમાજની બુલંદી રહી છે. ત્રણ ચાર વર્ષ અગાઉ સાડા પાંચ કરોડને ખર્ચે સમાજે જમીન ખરીદી ત્યારે પણ એકાદ કરોડની લોન લીધેલ તે પણ પરત કરવાના પૂર્ણતાને આરે છે.

આધુનિક સંકુલ અંગે પ્રમુખ જયંતિભાઈ તરફથી સામાન્ય સભામાં અને ચાર પાંચ વર્ષથી સમાજને યોગ્ય સમયે યોગ્ય કાર્ય થઈ જવું જોઈએ એવા વિચારો મૂકવામાં આવતા. એજ રીતે ગત વર્ષની સામાન્ય સભામાં કારોબારીના વિચારને બરાબર પારખીને સમાજના અગ્રણી વસંતભાઈ છાભૈયા, કાંતિભાઈ પોકાર અને હરજીભાઈએ કારોબારીને આધુનિક કાર્ય માટે ખૂબ જ પ્રોત્સાહન આપ્યું હતું. એમ કહી શકાય કે કારોબારીને નિર્ણય લેવા માટે મોટી હૂંફ પૂરી હતી. આમ સમાજના દરેક અગ્રણીઓ જો આવી બાબતો પર હકારાત્મક અભિગમ હોય તો કેવા કેવા કાર્યોના મંડાણ અને અંજામ આપી શક્યા તેનો ઉત્તમ દાખલો પૂરો પાડ્યો છે. એવી નોંધ સાથે પ્રમુખશ્રીએ ત્રણે મહાનુભાવોનો આભાર માન્યો હતો.

પરિવર્તન એ સંસારનો નિયમ છે. અને જે સમય પર પરિવર્તનને અપનાવે છે તેજ આગળ પ્રગતિ કરે છે. કેન્દ્રિય સમાજ દ્વારા પણ ઘટક સમાજના પોતપોતાના ભાવનો વધુ આધુનિક બને અને વધુ આવક ઉપાર્જન કરે એવા અભિગમને નરોડા સમાજ દ્વારા એક દાખલો પૂરો પાડવાની દિશામાં કદમ ઉઠાવ્યું છે. આમ નરોડા સમાજના વિકાસશીલ અભીગમને સમસ્ત ભારતમાં આવેલ સમાજવાડી અને જુદા જુદા ભવનો જલ્દીથી અપનાવે એ આવનાર સમયની માંગ સમજે એકા ભાવ સાથે અવગત કરવામાં આવેલ છે....

સંયોજકઃ- નરેશ રત્નાણી (નરોડા, અમદાવાદ)

સિકંદરાબાદ (TAP) દ્વારા સમૂહલગ્નમાં YSK ભેટ અર્પણ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ હૈદરાબાદ - સિકંદરાબાદ (TAP) દ્વારા આયોજીત ૧૮માં સમુહ લગ્ન ગત શનિવાર તા. ૦૫-૦૨-૨૦૨૨ વસંત પંચમી ના દિવસે યોજવા માં આવેલ હતા જેમાં બે નવ યુગલો પ્રભુતામાં પગલાં પાડયા હતા.

આ કર્યાક્રમમાં બન્ને નવ યુગલો ને (TAP) રિજીયન યુવા સંઘ અને સિકંદરાબાદ યુવા મંડળ તરફ થી કન્યાદાન સ્વરૂપમાં YSK ભેટ અર્પણ કરવામાં આવેલ

આ કાર્યક્રમ માં ઉપસ્થિત(TAP) સમાજ અને સિકંદરાબાદ સમાજના પ્રમુખશ્રી કાંતિભાઈ ગોરાણી,
(TAP)સમાજ અને સિકંદરાબાદ સમાજના મહા મંત્રીશ્રી હંસરાજભાઈ દડગા,
(TAP) સમાજ ન્યાય સમિતિ ના સભ્ય રામજીભાઈ રામાણી
(TAP) સમાજ ન્યાય સમિતિ ના ચેરમેનશ્રી કરમશીભાઈ પાચાણી
TAP યુવા સંઘ ના મંત્રી કિશોરભાઈ રામાણી
(TAP) યુવાસંઘ ના મિશન ચેરમેન મનોજભાઈ દડગા
TAP યુવા સંઘ YSK કનવિનર છગનભાઈ લિંબાણી
TAP યુવા સંઘ ના પૂર્વ કારોબારી સભ્ય કિર્તીભાઈ લિંબાણી
સિકંદરાબદ યુવા મંડળ ના પ્રમુખ શ્રી રાજેશભાઈ લીબાણી
નવ દંપતિઓ ને આશીર્વાદ આપેલ હતા
TAP રિજીયન સ્વર્ણિમ ટીમ

આરોગ્ય

પૂર્વકચ્છ રીજીયન દ્વારા મેડીકલ ચેકઅપ કેમ્પ

કેમ્પ નું આયોજન દેશલપર (વાં.) શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સમાજવાડી ખાતે આયોજિત કરવામાં આવ્યો....

જેમાં દેશલપર (વાં.) સમાજ ની સાથે કલ્યાણપુર, લક્ષ્મીપર, આણંદસર સમાજના લાભાર્થીઓએ ભાગ લીધો હતો.

સવારે ૭:૦૦ વાગ્યે દેશલપર યુવક મંડળ ના પ્રમુખ સુરેશ ભાઈ વાસાણી, મંત્રી ચેતન ભાઈ માવાણી ડીવીઝન કનવીનર પ્રચાર પ્રસાર, તેમજ કલ્યાણપુર (મં) યુવક મંડળ ના પ્રમુખ અને ડીવીઝન મંત્રી રાજેંદ્ર ભાઈ ભીમાણી, આણંદસર યુવક મંડળ ના પ્રમુખ મનીશ ભાઈ ભાવાણી, લક્ષ્મીપર યુવક મંડળ ના પ્રમુખ યશવંત પોકાર, આસૌ હોદેદારોની સાથે મેડિકલ ટીમે દિપ પ્રાગટ્ય કરી કેમ્પને ખુલ્લો મુક્યો હતો.

આ મેડિકલ કેમ્પમાં કુલ. ૮૪ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો જેની રજિસ્ટ્રેશન વ્યવસ્થા દેશલપર, અને કલ્યાણપુર ના લક્ષ્મીનારાયણ યુવક મંડળના કારોબારી સભ્યોએ એ સાંભળી હતી

પૂર્વ કચ્છ રિજીયન પ્રચાર પ્રસાર ટીમ

incometax કાયદામાં સુધારા કરાયા ટ્રસ્ટે દાનના ૨૦ ટકા શિક્ષણ, ગરીબો પાછળ ખર્ચવા પડશે

ખર્ચ ન કરનારા ટ્રસ્ટને કરમુક્તિ નહીં

તાજેતરમા incometaxના કાયદામાં કેટલાક મહત્ત્વના સુધારા કરવામાં આવ્યા છે, જેમાં ટ્રસ્ટને મળતી દાનની રકમના ૨૦ ટકા રકમ ગરીબો કલ્યાણ અર્થે, શિક્ષણ અને મેડિકલ પાછળ ખર્ચવા પડશે. જો આમ કરવામાં નહીં આવે તો ટ્રસ્ટને મળતા incometaxની કરમુક્તિનો લાભ નહીં મળે. આ ઉપરાંત ટ્રસ્ટનું રજિસ્ટ્રેશન રિન્યુ કરવામાં પણ નહીં આવે. ટ્રસ્ટને લગતા incometaxના પ્રોવિઝનમાં સુધારા કરી ટ્રસ્ટને મળતા દાન પર આપવામાં આવેલી કરમુક્તિ જો ટ્રસ્ટ દ્વારા શિક્ષણ મેડિકલ અને ગરીબોના કલ્યાણ અર્થે કુલ દાનના ૨૦ ટકા જેટલું વાપરવાનું રહેશે.

જો આમ કરવામાં નહીં આવે તો incometaxમાં આપવામાં આવેલી કરમુક્તિ નાબૂદ કરવામાં આવશે. અત્યાર સુધી જે કોઈ ટ્રસ્ટ પોતાનો ઉદ્દેશ ગરીબોનાં કલ્યાણ, શિક્ષણ અને મેડિકલ માટે ધરાવતા હોય તેવા ટ્રસ્ટને incometaxમાં મળતા દાનમાં સંપૂર્ણ કરમુક્તિ હતી, પછી દાનનો ઉપયોગ ટ્રસ્ટ મેમ્બર માટે કે અન્ય ઉદ્દેશ માટે કરે તેમાં છૂટ હતી. આમ આ અંગે કાયદામાં સુધારો કરવામાં આવ્યો છે. આમ વર્ષ ૨૦૨૦ માં જાહેર કરાયેલા પરિપત્ર મુજબ નવું રજિસ્ટ્રેશન રિન્યુઅલ કરવામાં નહીં આવ્યું હોય તેવા ટ્રસ્ટોનું પણ રજિસ્ટ્રેશન પરત લેવામાં આવશે .